**પરિપત્ર: -**

**વિષય:GCAS પોર્ટલ અંતર્ગત સ્નાતક કક્ષાના ફેઝ:૦૨ના રાઉન્ડ:૦૨ના ઓફર લેટર જનરેટ કરવા બાબત.**

અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે સ્નાતક કક્ષાના ફેઝ-૦૨ ના રાઉન્ડ:૦૨ના રાઉન્ડ બનાવી દીધેલ છે.જે અન્વયે આ રાઉન્ડમાં અગાઉ ઓફર કરેલ હશે તેવા વિદ્યાર્થીઓને ઓફર જનરેટ આ રાઉન્ડમાં ફરીથી ઓફર જનરેટ નહિ થાય.એક પણ વાર ઓફર જનરેટ નહિ થઇ હોય માત્ર તેવા જ વિદ્યાર્થીઓને ઓફર જનરેટ થશે.ઓફર રીપીટ થવાને કારણે જે વિદ્યાર્થીને ઓફર નથી મળી તેવા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત ન રહી જાય તે હેતુથી અગાઉના વિદ્યાર્થીઓ માટે ફરીથી ઓફર જનરેટ કરેલ નથી.ઓફર બોક્ષ ઓપન હોવાથી આપની કક્ષાએથી આપની સંસ્થા/કોલેજ પસંદ કરેલ હશે તેવા બધા વિદ્યાર્થીઓને ઓફર જનરેટ કરી શકાશે.જે કેટેગરીવાઈસ આપની તાર્કિક સુઝથી કરવાની રહેશે.વધારે ઓફર જનરેટ કરવાથી વિદ્યાર્થીને લગતા પ્રશ્નોની જવાબદારી સંસ્થા/કોલેજની રહેશે.ઓફર ઇન્ટેકની મર્યાદામાં ન હોય તેની સર્વેશ્રી દ્વારા ખાસ નોંધ લેવી.માત્ર એડમીશન કન્ફર્મ ઇન્ટેક તથા કેટેગરીની મર્યાદામાં જ થશે.જે સંસ્થા/કોલેજમાં એક પણ વિદ્યાર્થી ઓફર આપવામાં બાકી નહિ હોય તેવી સંસ્થા/કોલેજમાં ઓફર રીપીટ થશે.જે સંસ્થા/કોલેજમાં વિદ્યાર્થીઓ બાકી હશે તેવી સંસ્થા/કોલેજમાં વિદ્યાર્થીઓ ઓફર માટે આ રાઉન્ડમાં રીપીટ નહિ થાય.સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ફોર્મ ભરેલ છે અને વેરીફાય નથી કરાવેલ તેવા વિદ્યાર્થીઓ માટે તા:૨૩/૦૬/૨૦૨૫ થી તા:૨૬/૦૬/૨૦૨૫ સુધી વેરીફાય કરાવી શકશે.આવા વિદ્યાર્થીઓનો સમાવેશ તા:૨૭/૦૬/૨૦૨૫ થી શરુ તથા રાઉન્ડ:૦૭માં કરવામાં આવશે.સ્નાતક કક્ષાના ત્રીજા તબક્કા માટે GCAS તથા યુનિવર્સિટીની વેબસાઈટ ચકાસતા રહેવું.

**નોંધ:દરેક સંસ્થા/કોલેજને ઓફર સાંજ:૦૫:૦૦ વાગ્યા સુધીમાં સ્નાતક કક્ષાની ઓફર જનરેટ કરવા જણાવવામાં આવે છે.**

Bhakta Kavi Narsinh Mehta University Junagadh

**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૩૦૨/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ,
તા. ૨૪/૦૬/૨૦૨૫

પ્રતિ,

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓ તરફ..

**નકલ સાદર રવાના:**

(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ..
(૨) આઈ.ટી.સેલ. વિભાગ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)